# સમાજ સુરક્ષા ખાતા હેઠળ ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે અમદાવાદ ખાતે ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ શરૂ કરવા અંગેનું અરજીપત્રક

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
જુના સચિવાલય, ગાંધીનગર.

વિષય: ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ શરૂ કરવાની મંજુરી બાબત.

ટ્રસ્ટનું નામ :-

શ્રીમાન

અમારું ટ્રસ્ટ/મંડળ ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ, અમદાવાદ ખાતે સંસ્થા શરૂ કરવા ઇચ્છે છે.

ઉપરોક્ત સંસ્થાને લાગુ પડતા કાયદા/નિયમો અને આપના ખાતાના સહાયક ગ્રાન્ટને લગતા બધા નિયમો અમે કાળજીપૂર્વક વાંચ્યા છે અને ઉક્ત નિયમ સંગ્રહના બધા તેમજ તેમાં વખતો વખત સમાવિષ્ટ કરવામાં આવે તેવા બીજા તમામ નિયમ તેમજ સમાજ સુરક્ષા ખાતાના નિયામક વખતો વખત આપે તે સુચનાઓનું પાલન કરવા અમે કબુલ કરીએ છીએ.

ટ્રસ્ટની વિગત નીચે આપેલ છે.

૧. ટ્રસ્ટનું નામ અને પૂરેપુરુ સરનામું :

૨. પબ્લીક ટ્રસ્ટ એક્ટ નીચે અથવા સોસાયટીના કાયદા નીચેની રજીસ્ટેશન નંબર અને તારીખ (નકલ સામેલ કરવી) :

૩. ધ જુવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળના રજીસ્ટ્રેશન: નંબર અને તારીખ (નકલ સામેલ કરવી)

૪. ટ્રસ્ટના મુખ્ય ઉદ્દેશ્ય :

૫. કયા પ્રકારની સંસ્થા શરૂ કરવાની છે : ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ

૬. સંસ્થા શરૂ કરવાનું સ્થળ :

૭. સંસ્થામાં દાખલ થનાર અંતેવાસીઓ માટે જરૂરી સર્વે કરવામાં આવેલ છે/અથવા

આવી જરૂરીયાત અંગે પુરતી ચકાસણી કરેલ
છે ? વિગતો સામેલ રાખવી. :

૮. સંસ્થાની નજીક આવેલ, તે જ પ્રકારની
સરકારી કે બિનસરકારી સંસ્થાનું
તેનાથી અંતર :

૯. પ્રસ્તાવિત સંસ્થા શરૂ કરવાનો સંભવિત તારીખ:

૧૦. પ્રસ્તાવિત સંસ્થાની સંચાલક સમિતિના સભ્યોના
નામ, હોદ્દા વ્યવસાય અને સરનામા :

૧૧. સંસ્થાનું બંધારણ અને માહિતીપત્રક
અંતેવાસીઓના સંસ્થામાં પ્રવેશના નિયમોનો
સૂચિત નકલ સામેલ રાખેલ છે. :

૧૨. પ્રસ્તાવિત સંસ્થામાં અંતેવાસીઓને માટે
ભોજન, શિક્ષણ, તાલીમ અને પુન:સ્થાપનની
વ્યવસ્થા શું છે ? :

૧૩. અંતેવાસીઓના રહેણાંક, ભોજન, કપડા,
શિક્ષણ, તાલીમ, પુન:સ્થાપિત માટેની
સગવડો ઉભી કરવા આર્થિક અને ભૌતિક
વ્યવસ્થા ઉભી કરવા માટે શું આયોજન છે? :

૧૪. સંસ્થા શરૂ કરવા ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ મકાનો
સાધનો, અને આર્થિક સ્થિતિ (છેલ્લા બે વર્ષના
ઓડિટેડ અહેવાલો સામેલ રાખવા
તેમજ બેંક બેલેન્સની વિગતો મોકલવી.

સ્થળ: સંસ્થાના વડાની સહી/સિક્કા

તારીખ:

નોંધ :-આ અરજી ફોર્મના દરેક કોલમમાં વિગતો ટુંકમાં દર્શાવવાની રહેશે તથા તેને લગતા જરૂરી પત્રકો સામેલ રાખી અરજી ફોર્મ બે નકલમાં ભરીને વ્યવસ્થિત રીતે ફાઇલ કવર સાથે રજુ કરવાની રહેશે. (ઉપરના કોલમમાં “આ સાથે પત્રક સામેલ છે કે વિગત સામેલ છે તેમ દર્શાવેલ હશે” તેવી અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહી.)

## સુચનાઓ

### ૧.માન્યતાની શરતો.

(૧) તે વિસ્તારમાં સંસ્થાની જરૂર છે અને એ જ વિસ્તારની એવી કોઇ બીજી ચાલુ સંસ્થાની સાથે અનિચ્છનીય સ્પર્ધામાં ઉતરવાનું થતુ નથી.

(૨) સંસ્થા ૧૮૬૦ના ભારતીય મંડળી નોંધણી અધિનિયમ અથવા ૧૯૫૦ના મુંબઇ જાહેર ટ્રસ્ટ અધિનિયમ હેઠળ રજીસ્ટર થયેલી છે.

(૩) તેની નાણાકીય સ્થિતિ સધ્ધર છે અને ખર્ચને પહોંચી વળવા માટે ચોક્કસ સાધનો ધરાવે છે.

(૪) તેનાં મકાનમાંના નિવાસીઓ/લાભાર્થીઓની સલામતીની યોગ્ય જોગવાઇ સહિત તે જગ્યા આરોગ્યપ્રદ હવા ઉજાસવાળી છે અને નિવાસીઓને રહેવાની, ફર્નીચરની અને મનોરંજનની પૂરતી સગવડ ધરાવે છે.

(૫) સમાજ સુરક્ષા નિયામક વખતોવખત ઠરાવે તેવા શિસ્તના સામાન્ય નિયમોનું સંસ્થાના સંચાલક મંડળ તેમજ નિવાસીઓ ધ્વારા પાલન થશે તેનો સમાજ સુરક્ષા નિયામકને સંતોષ થાય તેવા પગલાં લેવાને સંસ્થા બંધાય છે.

(૬) નિવાસીઓ/લાભાર્થીઓની કાળજી, શિક્ષણ, તાલીમ અને કલ્યાણને લગતા સમાજ સુરક્ષા નિયામકે ઠરાવેલા કે બીજા કોઇ સત્તા ધરાવતા અધિકારીએ વખતોવખત બહાર પાડેલા નિયમોનું પાલન કરવા સંસ્થા બંધાય છે.

(૭) ગ્રાન્ટ છુટી કરાય તે પહેલાનાં છ મહિના સુધી સંસ્થા સતત અને સંતોષકારક રીતે ચાલી રહી છે. સિવાય કે કોઇ હયાત માન્ય સંસ્થા તેનો બીજો વિભાગ શરૂ કરવા માંગે તો તે શરૂઆતથી ગ્રાન્ટ છુટી કરી શકાશે.

(૮) આ નિયમોમાં ખાસ જોગવાઇ કરી ન હોય તો અપંગો માટેની હોય તે સિવાયની કોઇપણ સંસ્થા ઓછામાં ઓછા ૨૫ નિવાસીની સંખ્યા ન ધરાવતી હોય તો સહાયક ગ્રાન્ટ માટે માન્ય ઠરશે નહી. અપંગો માટેની યોજના હેઠળ શરૂ કરાયેલી સંસ્થાની બાબતમાં નિવાસીઓની ઓછામાં ઓછી સંખ્યા ૧૫ ની રહેશે. સરકારની ખાસ મંજુરીથી જ આ મર્યાદામાં છૂટ મૂકી શકાશે. પરંતુ કાયદા હેઠળ મંજુરી કરેલ સંસ્થાને ૨૫ કે ૧૫ ની ઓછામાં ઓછી સંખ્યાનો બાધ નડશે નહિ.

(૯) (૧) સમાજ સુરક્ષા નિયામકે ઠરાવેલ શિક્ષણની એટલે કે અક્ષરજ્ઞાનની, ઉદ્યોગની, ધંધાકીય તાલીમની જોગવાઇ કરવા સંસ્થા બંધાય છે.

(૨) શિક્ષણ વર્ગ તથા બીજા દેખરેખ અધિકારીઓ યોગ્યતા ધરાવે છે અને ઠરાવેલ લાયકાત ધરાવે છે અને તે પૂરી સંખ્યા છે અને

(૩) સંસ્થા રોજગાર માટે અયોગ્ય હોય તેવા કોઇ સભ્યને નોકરીએ રાખતી નથી. વ્યક્તિની અયોગ્યતા અંગેની સમાજ સુરક્ષા નિયામકનો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) પગાર ધોરણ અને ભથ્થા સમાજ સુરક્ષા નિયામકે વખતોવખત બહાર પાડેલ સૂચના અનુસાર છે અને સંચાલક મંડળ વિભાગે ઠરાવેલ પગાર ધોરણ અને ભથ્થા અપનાવવા બંધાય છે.

(૧૧) ૧૮ વર્ષની નીચેની વયનો કોઇ વ્યક્તિને સંસ્થા પાર્ટટાઇમ કે પુરા સમય માટે નોકરીએ રાખશે નહી. તેમજ સરકારશ્રી કે સમાજ સુરક્ષા ખાતા તરફથી વખતોવખત નક્કી કરવામાં આવે તે પધ્ધતિ અનુસાર ભરતી કરવા સંસ્થા બંધાય છે.

(૧૨) સંસ્થા સમાજ સુરક્ષા નિયામક મંગાવે તેવી સઘળી માહિતી પૂરી પાડવા બંધાય છે અને સમાજ સુરક્ષા નિયામકની કચેરી ધ્વારા વખતોવખત ઠરાવેલ પત્રક તે પુરા પાડશે.

(૧૩) સમાજ સુરક્ષા નિયામક કે રાજ્ય સરકારના કોઇ અધિકારી, કોઇ તપાસણી અધિકારી કે ઓડીટ અને હિસાબ અધિકારી કે સમાજ સુરક્ષા નિયામકે નિયુક્ત કરેલ બીજા કોઇ અધિકારીની તપાસણી માટે સંસ્થા ખુલ્લી રાખવામાં આવશે.

(૧૪) આહાર, પોષાક, મકાન સ્વચ્છતા, તબીબી સારવાર અને બીજી સવલતો માટે સમાજ સુરક્ષા નિયામક ધ્વારા વખતોવખત ઠરાવાતા ધારાધોરણનું પાલન કરવા સંસ્થા બંધાયેલ છે.

(૧૫) આવી સંસ્થાના હિસાબનું સમાજ સુરક્ષા નિયામક ધ્વારા કે એકાઉન્ટન્ટ ધ્વારા અને સમાજ સુરક્ષા નિયામક મંજુર કરે તેવી બીજી વ્યક્તિઓ ધ્વારા ઠરાવેલ રીતે અને ફોર્મમાં વાર્ષિક ઓડીટ કરવામાં આવશે અને આવે સંસ્થાઓએ સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં સંસ્થાનાં સરવૈયાની છેલ્લી તારીખથી ૩ મહિનાની અંદર. ઓડિટરના રીપોર્ટ સાથે હિસાબના ઓડિટ કરેલ પત્રકની નકલ મોકલવાની રહેશે.

(૧૬) આવર્તક કે અનાવર્તક ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓ ગુજરાત રાજ્યના એકાઉન્ટન્ટ જનરલના ઓડિટને પાત્ર રહેશે અને આવી ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓએ તેમનો હિસાબ એકાઉન્ટન્ટ જનરલ માંગે તેમ અને ત્યારે ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

(૧૭) સંસ્થાને જણાવવામાં આવે ત્યારે તેની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે સરકારી નિયુક્ત સભ્યને સ્વીકારવા તે સંમત થશે.

(૧૮) બધી માન્ય સંસ્થાઓ તેમની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ અને તેમના હિસાબ, સમાજ સુરક્ષા નિયામકને વર્ષમાં એકવાર રજુ કરશે.

(૧૯) બધી માન્ય સંસ્થાઓ સાધન-સામગ્રી, દસ્તાવેજ, કાગળો વગેરે જેવી વસ્તુઓ વિભાગીય કે જિલ્લા અધિકારી તપાસ વખતે માંગે ત્યારે રજુ કરશે.

(૨૦) માન્ય સંસ્થાઓ કોઇ ખાસ ધર્મનું શિક્ષણ આપશે નહી અને તે ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય, કોમ, વસવાટ કે ધર્મના કોઇ પ્રતિબંધ વિના સૌ માટે ખુલ્લા રહેશે.

## ૨. ગ્રાન્ટનો પ્રકાર:-

માન્યતા પ્રાપ્ત સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓને નીચેના ધોરણ મુજબ નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | - | શુન્ય | મળવા પાત્ર ગ્રાન્ટના પ્રમાણમાં |
| બીજુ વર્ષ | - | ૫૦ ટકા | |
| ત્રીજુ વર્ષ | - | ૧૦૦ ટકા | |